




RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2026-2028
At Posted Jamnagar gty. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

# નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),

25 FEBRUARY 2026, WEDNESDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 240





કબુતર જાળી
BIRD NO ENTRY
Invisible Grill
આપના ઘર, બંગલા, ફેકટરી, કોમર્શીયલ કોમ્પલેક્ષ, શેડ માં કબુતર/મચ્છર જાળી, સ્પાઇક ફીટીંગ કરાવો.
VISHWA | M. 79905 44004



■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752


એક વખત ફરીથી ભારત-પાકિસ્તાનનું યુદ્ધ અટકાવવાના દાવા સાથે અમેરિકાના રાષ્ટ્રપતિએ કર્યો ચોંકાવનારો ઘટસ્ફોટઃ વૈશ્વિક સનસનાટી ફેલાઈ

# ઓપરેશન સિંદૂર ટાણે મેં હસ્તક્ષેપ કરીને યુદ્ધ અટકાવી શાહબાઝને મરતા બચાવ્યાઃ ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન તા. ૨૫: આજે સવારે આવેલા સનસનાટીભર્યા અહેવાલો મુજબ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક નવો ઘટસ્ફોટ કર્યો છે. ટ્રમ્પે નવો દાવો કર્યો છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન તેમણે હસ્તક્ષેપ કરી પાક. પીએમને મરતા બચાવ્યા હતાં. ટ્રમ્પે ફરી ૮ યુદ્ધ રોકવાની પીપૂડી વગાડી હતી. સ્ટેટ ઓફ ધ યુનિયનને સંબોધન કરતા તેમણે અમેરિકાનો સુવર્ણ કાળ ચાલતો હોવાનો દાવો પણ કર્યો હતો, અને કહ્યું હતું કે, ભારત-પાક. યુદ્ધ રોકી તેમણે ૩.૫૦ કરોડ લોકોનો જીવ બચાવ્યો છે.

### ટ્રમ્પે પોતાની ટેરિફ નીતિનો બચાવ કરતા કરતા પોતે આઠ યુદ્ધો અટકાવ્યા અને ભારત-પાકિસ્તાનનું યુદ્ધ અટકાવ્યું તેમ કહી ઉમેર્યું કે ભારત-પાક. વચ્ચે પરમાણુ યુદ્ધ થયું હોત તો ૩૫ મિલિયન લોકો માર્યા ગયા હોત

આજે સવારે આવેલા અહેવાલો મુજબ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધન દરમિયાન એક સનસનાટીભર્યો દાવો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાનના વડાપ્રધાનનો જીવ બચાવ્યો હતો, જેમની હત્યા થઈ શકી હોત. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ સહિત આઠ યુદ્ધો અટકાવવાના પોતાના દાવાને પુનરાવર્તિત કર્યો.

જો કે, તેમના સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધનમાં તેમણે એક ચોંકાવારો ખુલાસો કરતા કહ્યું કે તેમણે ભારતના ઓપરેશન શિંદૂરને રોકીને પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફનો જીવ બચાવ્યો હતો. ટ્રમ્પે વધુમાં દાવો કર્યો કે પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફે તેમને કહ્યું હતું કે, જો તેમણે હસ્તક્ષેપ ન કર્યો હોત, તો ગયા વર્ષે ભારતના ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનમાં ૩૫ મિલિયન લોકો મૃત્યુ પામ્યા હોત.

ટ્રમ્પનું નિવેદન સ્પષ્ટપણે દર્શાવે છે કે, મે ૨૦૨૫ ના ભારત સામે ચાર દિવસના લશ્કરી સંઘર્ષ દરમિયાન પાકિસ્તાન પાછળ હટી ગયું હતું. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સંબોધનમાં કહ્યું, મારા પહેલા ૧૦ મહિનામાં મેં કંબોડિયા અને થાઈલેન્ડ સહિત આઠ યુદ્ધો અટકાવ્યા. આ કોઈ મજાક નથી. પાકિસ્તાન અને ભારત વચ્ચે પરમાણુ યુદ્ધ ફાટી શક્યું હોત. પાકિસ્તાની વડાપ્રધાને મને કહ્યું કે, જો મેં હસ્તક્ષેપ ન કર્યો હોત, તો ૩૫ મિલિયન લોકો મૃત્યુ પામ્યા હોત.

ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળના તેમના પ્રથમ સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધન દરમિયાન તેમની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતી વખતે આ દાવા કર્યા છે.

નોંધનીય છે કે, ભારત સતત એવું કહેતું રહ્યું છે કે, ભારત-પાકિસ્તાન વિવાદમાં કોઈ ત્રીજા દેશનો હસ્તક્ષેપ થયો નથી, જ્યારે પાકિસ્તાન ટ્રમ્પની મધ્યસથીનો શ્રેય આપે છે.

આ સંબોધન દરમિયાન રાષ્ટ્રપતિ ટ્રમ્પે તેમની વિદેશીઓ પ્રત્યેના વલણનો પુનરોચ્ચાર કર્યો કે સોમાલી ચાંચિયાઓએ લાંચ, ભ્રષ્ટાચાર અને અરાજકતા દ્વારા મિનેસોટામાં તોડફોડ કરી હતી. વિદેશીઓ પ્રત્યેના વલણનો સીધો અર્થ વિદેશીઓ અથવા અજાણ્યાઓથી ડરવું અથવા નફરત કરવી થાય છે. અનિયમિત ઈમીગ્રેશન અને ખુલ્લી સરહદો દ્વારા અહીં આ સંસ્કૃતિઓનું આગમન અમેરિકામાં પણ તે સમસ્યાઓ લાવે છે. આના પર મિનેસોટાના ડેમોક્રેટિક કોંગ્રેસના સભ્ય, ઈલ્હાન ઓમરે, તેમના સ્થાનેથી રાષ્ટ્રપતિને જૂઠા કહ્યા, તો ટ્રમ્પે કહ્યું કે તેમના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સ હવે તેમની સરકાર વતી છેતરપિંડી સામેના યુદ્ધનું નેતૃત્વ કરશે.

તેમના સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પે તેમની ટેરિફ નીતિનો બચાવ કરતા કહ્યું કે, તેમણે દેશ માટે, ખાસ કરીને આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા મોરચે, મહાન સોદા મેળવવા માટે વૈશ્વિક ટેરિફનો ઉપયોગ કર્યો હતો. ટેરિફ પર સુપ્રિમ કોર્ટના તાજેતરના ચૂકાદાને અત્યંત દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા ટ્રમ્પે કહ્યું, બધું સારૂ ચાલી રહ્યું હતું. જે દેશો દાયકાઓથી આપણું શોષણ કરી રહ્યા હતાં તેઓ હવે આપણને સેંકડો અબજો ડોલર ચૂકવી રહ્યા હતાં. ડેમોક્રેટ્સ પણ આ જાણતા હતાં. મારૂં માનવું છે કે, વિદેશી દેશો જે ટેરિફ ચૂકવી રહ્યા છે તે આપણા દેશમાં આધુનિક આવકવેરા પ્રણાલીને મોટાભાગે બદલશે. આનાથી મારા દેશવાસીઓ પરનો મોટો નાણાકીય બોજ ઓછો થશે.



યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, માત્ર ચાર દિવસ પહેલા, યુનાઈટેડ સ્ટેટ્સ સુપ્રિમ કોર્ટે એક ખરાબ નિર્ણય લીધો હતો. પરંતુ સારા સમાચાર એ છે કે લગભગ બધા દેશો અને કોર્પોરેશનો તેઓ જે સોદા કરી ચૂક્યા છે તેને જાળવી રાખવા માગે છે, કારણ કે તેઓ એ જાણે છે કે રાષ્ટ્રપતિ તરીકે મારી પાસે નવો સોદો કરવાની કાનૂની શક્તિ છે તે તેમના માટે ઘણી ખરાબ હોઈ શકે છે, અને તેથી તેઓ સુપ્રિમ કોર્ટના અયોગ્ય હસ્તક્ષેપ પહેલા અમે જે સફળ માર્ગ પર વાટાઘાટો કરી હતી તે જ માર્ગ પર આગળ વધશે.

## ગ્રામ સુવિધાઓ અને શહેરીકરણ... સમસ્યાને અવસરમાં બદલીએ... વાસ્તવમાં "સમતોલ" વિકાસ સાધીએ...

ગુજરાતના વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ રૂપિયા ૫૬૦૦ કરોડની જોગવાઈ કરી છે, અને ખેડૂતોને ખેતીના ઓજારો, સાધન-સામગ્રી ખરીદવા માટે સબસીડીની ફાળવણી માટે પણ રૂા. ૧૫૫૦ કરોડથી વધુની વ્યવસ્થા પણ બજેટમાં કરી છે. તદુપરાંત મહિલાઓની સ્વરોજગારી માટે પણ ફાળવણી થઈ છે, તે જોતાં રાજ્ય સરકારનો અભિગમ ગામડાઓ તથા ગ્રામવાસીઓને સમૃદ્ધ અને સશક્ત બનાવવાનો લાગે, તો બીજી તરફ રાજ્ય સરકારે આ જ બજેટમાં રાજ્યમાં પાંચ નવા સેટેલાઈટ ટાઉનના વિકાસની જાહેરાત પણ કરી છે, તેથી સવાલ એ ઉઠે છે કે રાજ્ય સરકાર ગ્રામ વિકાસ પર વધુ ભાર મૂકી રહી છે કે પછી શહેરીકરણની તરફેણ કરી રહી છે ?

એક તરફ વિરોધપક્ષો રાજ્ય સરકાર પર ગામડાઓના ભોગે રાજ્ય સરકાર શહેરીકરણને પ્રોત્સાહિત કરવાના આક્ષેપો કરી રહ્યા છે, તો તેની સામે ભાજપ એવો સવાલ ઉઠાવી રહ્યું છે કે વિપક્ષોને શહેરીજનોની સુવિધાઓ વધે, તેમાં શું વાંધો છે ? શહેરી વિસ્તારોમાં રહેતા લોકો શું ગુજરાતના રહેવાસી અને ભારતના નાગરિક નથી ?

પક્ષ-વિપક્ષના આરોપો-પ્રત્યારોપો વચ્ચે જનતાના મિશ્ર પ્રતિભાવોનો નીચોડ એવો નીકળે છે કે શહેરનો વિકાસ થાય, તેમાં કોઈ પણ ગુજરાતી કે ગુજરાત નિવાસીને વાંધો હોઈ જ શકે નહીં, પરંતુ ગામડાઓના ભોગે કે ગ્રામ્ય વિસ્તારોની અવગણના કરીને માત્ર શહેરી વિકાસ તરફ જ વધુ ધ્યાન અપાઈ રહ્યું હોય તો તે યોગ્ય નથી.

ગુજરાતના બજેટમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારો વચ્ચે કોઈ ભેદભાવ રખાયો નથી અને સમતોલ ફાળવણી થઈ છે, તેવા દાવા સાથે કેટલાક આંકડાઓ પણ રજૂ કરવામાં આવી રહ્યા છે, અને વીબી-જીરામ-જી યોજના માટે થયેલી રૂા. ૧૫૦૦ કરોડની ફાળવણી પણ ગ્રામીણ વિસ્તારોને કેન્દ્રમાં રાખીને થઈ હોવાનો તર્ક અપાઈ રહ્યો છે. રાજ્ય સરકાર અઢી હજાર જેટલી નવી બસો ખરીદી રહી હોય, અને તેમાંથી ૧૦૦૦ જેટલી બસો આદિવાસી વિસ્તારો તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મૂકવાની જાહેરાત પણ રાજ્ય સરકારની સમતોલ વિકાસની નીતિ દર્શાવતી હોવાની દલીલો થઈ રહી છે.

ગુજરાત સરકારે અત્યાર સુધીના સૌથી મોટા રૂા. ૪.૦૮ લાખ કરોડથી વધુ રકમના બજેટમાં જે જોગવાઈઓ કરી છે, તે પૈકી કેટલીક જોગવાઈઓ ગ્રામલક્ષી છે, કેટલીક શહેરલક્ષી છે, તો ઘણી બધી જોગવાઈઓ ગામડાઓ, શહેરો તથા દુર્ગમ વિસ્તારો, ટાપુઓ અને પહાડી વિસ્તારો સહિતના તમામ વિસ્તારોને આવરી લીધી હોવાનું તારણ પ્રસ્તૂત થયેલા આંકડાઓ પરથી નીકળે છે, અને રાજ્ય સરકાર અને તેના તંત્રો પણ આ જ પ્રકારનો દાવો કરી રહ્યા છે, પરંતુ જેવી જાહેરાતો થઈ છે, તે જ પ્રકારની ફાળવણી, અમલીકરણ અને અનુસરણ થશે, તેવી આશા રાખીએ.

રાજ્યમાં ગામડાઓ ભાંગી રહ્યા છે, અને શહેરો પર ભારણ વધી રહ્યું છે, તેવી ચર્ચા તો વર્ષોથી થતી જ રહી છે, ગામડાઓમાંથી રોજગારી માટે એક તરફ યુવાવર્ગ શહેરોમાં આવી રહ્યો છે, તો દીકરા-દીકરીને વરાવવા-પરણાવવા કે ભણાવવા ગામડા છોડીને શહેરોમાં મકાનો બનાવીને કે ભાડાથી રહેવા જતા ગ્રામીણોની સંખ્યા પણ

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટે મુન્દ્રા સોલારને આપ્યો ઝટકો

## ભારતના સોલાર ઉત્પાદનો પર અમેરિકા લગાવશે ૧૨૫ ટકા સીવીડીઃ માર્ચમાં ફેંસલો

નવી દિલ્હી તા. ૨૫: ભારતીય સોલાર ઈન્ડસ્ટ્રીને અમેરિકાએ મોટો ફટકો આપ્યો છે, અને ભારતથી સોલાર પેનલ્સની આયાત પર ૧૨૫ ટકા ડ્યુટી ઝીંકી દીધી છે.

અમેરિકા અને ભારત વચ્ચેના વેપાર સંબંધોમાં એક મોટો આંચકો લાગ્યો છે. અમેરિકન સરકારના કોમર્સ ડિપાર્ટમેન્ટે ભારત સહિત ત્રણ દેશોમાંથી આયાત થતા સોલાર સેલ્સ અને પેનલ્સ પર અધધ ૧૨૫ ટકાથી વધુની કાઉન્ટરવેલિંગ ડ્યુટી લાદી દીધી છે.

અમેરિકાના કોમર્સ ડિપાર્ટમેન્ટે પ્રાથમિક તપાસ પછી આ મોટો નિર્ણય લીધો છે. અમેરિકાની સરકારનું માનવું છે કે, ભારત, ઈન્ડોનેશિયા અને લાઓસની સોલાર કંપનીઓને તેમની સરકારો તરફથી મોટી સબસિડી મળી રહી છે. આ સબસિડીને કારણે આ કંપનીઓ અમેરિકામાં ખૂબ જ સસ્તા ભાવે સોલાર પેનલ્સ વેચી રહી છે, જેનાથી અમેરિકાની સ્થાનિક કંપનીઓને આર્થિક નુક્સાન થઈ રહ્યું છે. આ અયોગ્ય સ્પર્ધાને રોકવા માટે આ ભારે ટેક્સ લાદવામાં આવ્યો છે.

આ આદેશમાં ભારત પર સૌથી કડક વલણ અપનાવવામાં આવ્યું છે. ભારતમાંથી આવતા સોલાર ઉત્પાદનો પર કુલ સબસિડી રેટ ૧૨૫.૮૭ ટકા નક્કી કરવામાં આવ્યો છે. ખાસ કરીને ભારતની મુન્દ્રા સોલર પર ૧૨૫.૮૭ ટકા ડ્યુટી લાગશે. આ ઉપરાંત ઈન્ડોનેશિયા માટે આ દર ૧૦૪.૩૮ ટકા અને લાઓસ માટે ૮.૬૭ ટકા રાખવામાં આવ્યો છે. અમેરિકાની કંપનીઓ જેવી કે ફર્સ્ટ સોલાર અને હનવા ક્યુસેલ્સે ફરિયાદ કરી હતી કે સસ્તી આયાતને કારણે તેમના અબજો ડોલરનું રોકાણ અને નોકરીઓ જોખમમાં છે.

વર્ષ ૨૦૨૫માં ભારત સહિત આ ત્રણ દેશોમાંથી અમેરિકામાં આશરે ૪.૫ બિલિયન ડોલરનું સોલાર ઈમ્પોર્ટ થયું હતું. અગાઉ જ્યારે અમેરિકાએ વિયેતનામ અને થાઈલેન્ડ જેવા દેશો પર ડ્યુટી લગાવી હતી, ત્યારે ઘણી કંપનીઓ ભારત શિફ્ટ થઈ હતી.

હવે ભારત પરના આ પ્રતિબંધોને કારણે ભારતીય સોલર એક્સપોર્ટર્સ માટે અમેરિકા જેવું મોટું માર્કેટ મોંઘું થઈ જશે, જો કે આ નિર્ણય હજુ પ્રાથમિક છે અને અંતિમ ફેંસલો માર્ચમાં લેવામાં આવશે.

ઝારખંડના મુખ્યમંત્રીને મોટી રાહતઃ

## હેમંત સોરેન સામે કાર્યવાહી પર સુપ્રિમ કોર્ટનો સ્ટે

નવી દિલ્હી તા. ૨૫: ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન સામે કેન્દ્રિય એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની કાર્યવાહી સામે સુપ્રિમ કોર્ટે વચગાળાનો સ્ટે લગાવી દેતા તેને મોટી રાહત મળી છે.

લ્યો... વાગ્યા ચૂંટણીના પડઘમ...માંગો હિસાબ

## જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે ચૂંટણી અધિકારીઓ નિમાયા

જામનગર તા. ૨૫: રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે ચૂંટણી અધિકારી અને મદદનીશ ચૂંટણી અધિકારી તરીકે નિમણૂકો કરવામાં આવી છે.

જામનગરના વોર્ડ નંબર ૧,૨,૩ અને ૪ માટે ચૂંટણી અધિકારી તરીકે નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી) અને નાયબ ચૂંટણી અધિકારી તરીકે સિટી સર્વે સુપ્રિ.-૨, વોર્ડ નંબર ૫,૬,૭ અને ૮ માટે અનુક્રમે નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસુલ) અને મુખ્ય હિસાબી અધિકારી, વોર્ડ નંબર ૯,૧૦,૧૧ અને ૧૨ માટે જિલ્લા પુરવઠા અધિકારી અને સિટી સર્વે સુપ્રિ.-૧, તથા વોર્ડ નંબર ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ માટે મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારી (શહેર) તેમજ મામલતદાર (શહેર)ને જવાબદારી સોંપવામાં આવી છે.


એકવાર શેઠ બ્રધર્સ ની ડીટોક્સ ગ્રીન-ટી પીઓ બીજી બધી ગ્રીન-ટી ભુલી જશો.
સ્વાદ અને સ્વાસ્થ્યના સંગમ સમાન 'પ્રતિકાર' ડીટોક્ષ ગ્રીન-ટી




આદુ, હળદર, અશ્વગંધા, ગળો, સરગવાના પાન, કાળામરી, એલચી, તુલસી વિગેરેના ઔષધીય ગુણ યુકત સ્વાસ્થવર્ધક 'પ્રતિકાર' ડીટોક્ષ ગ્રીન-ટી ચહેરાની ત્વચામાં ચમક લાવવામાં, કોલેસ્ટ્રોલ તથા હૃદય માટે ગુણકારી છે. સીઝનલ શરદીમા રાહત આપે છે સવાર સાંજ નિયમીત સેવન વજન નિયંત્રીત કરવામાં મદદ રૂપ છેટેસ્ટમાંતો એવી બેસ્ટકે તેનો સ્વાદ દાઢે રહી જશે.



કપલ / ફેમીલી / સિનિયર સિટીઝન
અફલા પ્રિમીયમ ગ્રુપ ટુર 6N/7D
દુબઈ
26-માર્ચ-2026
આગમ ટુર્સ - રાજકોટ
88 66 22 38 91
94 28 28 79 19


'હેપી એલિગન્સ' બિલ્ડિંગમાં માતમ છવાયો

# સુરતના વેસુમાં એક જ પરિવારના ત્રણ સભ્યનો સામૂહિક આપઘાતઃ પોલીસ દોડી

સુરત તા. ૨૫: સુરતના વેસુમાં હૃદયદ્રાવક ઘટના બની છે, અને એક જ પરિવારના ત્રણ સભ્યોએ સામૂહિક આપઘાત કરી લેતા માતમ છવાયો છે. એક નાની બાળકી બચી ગઈ છે. એક સુસાઈડ નોટ પણ મળી છે.

### એક બાળકીનો બચાવઃ વૈભવ રૂંગટા નામના શખ્સનો ત્રાસ વર્ણવતી સુસાઈડ નોટ મળી

સુરતના વેસુની 'હેપી એલિગન્સ' બિલ્ડિંગમાં બાલમુકુન્દ નામના વ્યક્તિએ પત્ની અને બે માસુમ દીકરીઓ સાથે ઝેરી દવા પીને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ કરૂણ ઘટનામાં પરિવારના ત્રણ સભ્યોના મોત થયા છે, જેમાં બાલમુકુન્દ પોતે, તેની પત્ની તથા એક માસુમ દીકરીના મોત નિપજ્યા છે, જ્યારે એક પુત્રીનો બચાવ થયો છે. ઘટના અંગે વિગતે મળતી માહિતી અનુસાર મૂળ બિહારના રહેવાસી બાલમુકુન્દ (પતિ), તેમની પત્ની અને એક માસૂમ દીકરી (ઉ.વ. ૫ થી ૭ વર્ષ) ઝેરી દવા ગટગટાવીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો, જોકે આ સમગ્ર ઘટનામાં ત્રણ લોકોના મોત, જ્યારે પરિવારની બીજી નાની દીકરીનો આબાદ બચાવ થયો છે.

મૃતક બાલમુકુન્દ મૂળ બિહારના વતની હતાં અને છેલ્લા બે વર્ષથી સુરતમાં ઘરે બેઠા શેરબજારનું કામકાજ કરતા હતાં. પરિવારે ખેતરમાં નાખવાની ઝેરી દવા પીને સામૂહિક આપઘાત કર્યો હતો.

આ ઘટનાને પગલે ચકચાર મચી ગઈ હતી. ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. પોલીસને ઘટના સ્થળેથી ત્રણ પાનાની સુસાઈડ નોટ મળી આવી છે, જેમાં આપઘાત પાછળના જવાબદાર કારણો અને વ્યક્તિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સુસાઈડ નોટમાં વૈભવ રૂંગટા નામના શખ્સનું નામ સામે આવ્યું છે. આરોપી વૈભવ રૂંગટા મૃતક બાલમુકુન્દને રૂપિયા માટે સતત ત્રાસ આપતો હોવાનો ઉલ્લેખ છે. આરોપીએ મૃતકની ગાડી અને ક્રેડિટ કાર્ડ પણ બળજબરીથી પડાવી લીધા હતાં. આરોપીએ બાલમુકુન્દના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને બિનજરૂરી શોપિંગ પણ કરી હતી, જેના કારણે પરિવાર પર આર્થિક બોજ વધી ગયો હતો.


ધમાકા ઓફર
1 કિલો ચા ની ખરીદી પર મેળવો ₹50 ની છૂટ
૫૦૦ ગ્રામ ચા ની ખરીદી પર મેળવો ₹20 ની છૂટ



C. SOMABHAI
QUALITY TEA
SINCE 1948
વ્યાપારીક પૂછપરછ આવકાર્ય. 98245 03762
95 1948 1948
www.somabhaitea.com
કે.બી.સેલ્સ (સી. સોમાભાઈ & કું.), વૈજનાથ એપાર્ટમેન્ટ નીચે, મંદિર સામે, સત્યનારાયણ મંદિર રોડ, હવાઈ ચોક, જામનગર. મો: ૭૦૪૩૦૨૯૯૫૫